ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G







શક્તિ દર્શનમ્ - શીવની ભક્તિના દિવસો પૂરા થતાંની સાથે જ શક્તિની આરાધનાના દિવસો આરંભાય છે... અને આ જ ભારતીય સંસ્કૃતિની અનોખી દેન છે... શીવ અને શક્તિની ઉપાસના કલ્યાણ અને વિકાસની પ્રાર્થના છે... ગાંધીનગરની પ્રતિષ્ઠિત આધ્યાત્મિક સંસ્થા 'જયઅંબે પરિવાર' દ્વારા રજત જયંતિ મહોત્સવના આયોજનથી અવગત કરાવવાના હેતુસર યોજાયેલ શક્તિ દર્શનમ્ કાર્યક્રમે પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. આરાસુર અંબાજી માતાજીના પ્રાર્દુભાવથી લઈ શક્તિની આરાધનાના ભાવાત્મક દશ્યોએ ભાવિકોની આંખ ભીની કરી દીધી હતી. અને મહાઆરતીના દશ્યથી સૌ ભાવવિભોર બની ગયા હતા.

# સચિવાલય સોમવતી અમાસે ભક્તિમય માહોલમાં તરબતર





(તસવીર : કશ્યપ નિમાવત)





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૫

શ્રાવણ મહીનાના છેલ્લા સોમવારે કર્મચારીઓએ સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરતાં આજે સચિવાલયમાં ભક્તિનો અનેરો માહોલ જોવા મળ્યો હતો અને કર્મચારીઓ ભક્તિમય બની ગયા હતા.

શ્રાવણ મહિનાનો આજે છેલ્લો સોમવાર હતો અને પવિત્ર શ્રાવણ માસ પણ આજે પૂર્ણ થઈ રહ્યો છે. ત્યારે આજે સચિવાલયના કેટલાક વિભાગોમાં કર્મચારીઓ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કર્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયમાં આવેલ સલામતી શાખાના પોલીસ જવાનો અને અધિકારીઓ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લઈને કથાનું શ્રવણ કર્યું હતું.

આ ઉપરાંત કૃષિ અને સહકાર વિભાગમાં પણ કર્મચારીઓ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આમ આજે શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારના રોજ સચિવાલયના કેટલાક વિભાગોમાં કર્મચારી દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરતાં સચિવાલયમાં ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો અને કથાનું શ્રવણ કરીને કર્મચારીઓ પણ ભક્તિમય બની ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે કેટલાક વિભાગોમાં અમુક તહેવારોમાં પણ કર્મચારીઓ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવે છે.

# રામકથા મેદાનમાં કલ્ચરલ ફોરમના ગરબા

**અગાઉ મોરારી બાપુની રામકથાનું આયોજન પણ આ મેદાનમાં થયું હતું : વિશાળ જગ્યાના લીધે આયોજનમાં સરળતા રહેશે**

ગાંધીનગર, તા.૨૫

નવદુર્ગાના નવલા નોરતા નજીક આવી રહ્યા છે ત્યારે ગરબા મહોત્વસના આયોજકો હવે પૂર્ણ તૈયારીઓ શરુ કરવાની ગતિવિધિઓ તરફ છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગરબાના આયોજન માટે મેદાન ફાળવવા ડ્રોની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે કલ્ચરલ ફોરમને રામકથા મેદાનની ફાળવણી થઈ છે. સે-૧૧ સ્થિત રામકથા મેદાન જગ્યાની દષ્ટિએ વિશાળ હોવાથી પાર્કીંગ સહિતની સુવિધાઓ સુવ્યવસ્થિત થઈ શકશે જયારે ગરબા પ્રેમીઓને ગરબે ઘુમવા વિશાળ મેદાન ઉપલબ્ધ થશે.

નવરાત્રિમાં ગરબા મહોત્સવના આયોજન માટે તંત્ર દ્વારા ગત વર્ષની ડ્રો પ્રક્રિયાના આધારે જગ્યાની ફાળવણી કરવામાં આવે છે આજે હાથ ધરાયેલ આ ડ્રોની પ્રક્રીયાના અંતે લાયન્સ કલબ ચ-૩ ખાતેના નિયત સ્થળે ગરબાનું આયોજન કરશે જ્યારે સેકટર-૧૭ના ગુલાબ ઉદ્યાન પાસેના મેદાનમાં થનગનાટ ગૃપ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યુ છે. જયારે કલ્ચરલ ફોરમ હવે સે-૧૧ સ્થિત વિશાળ રામકથા મેદાન ખાતે ગરબા મહોત્સવનું આયોજન કરશે. કલ્ચરલ ફોરમ દ્વારા અગાઉ આ મેદાન ખાતે દિવ્ય રામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે હવે ભવ્ય ગરબા મહોત્સવની તૈયારી કરવામાં આવશે. જગ્યાની દષ્ટિએ વિશાળ મેદાન હોવાથી ગુલાબ ઉદ્યાનના વિસ્તારની જેમ અહીં પાર્કીંગ સહિતની સુવિધાના મામલે અડચણોનું પણ નિવારણ થશે. આ ઉપરાંત ખેલૈયાઓને ગરબે ઘુમવા વિશાળ ગરબા મેદાન પણ ઉપલબ્ધ થશે. વિસ્તારની રીતે મેદાનનો વ્યાપ વધુ હોવાથી સ્ટેજ અને સ્ટોલ્સ ઉપરાંત બેઠક વ્યવસ્થા પણ વધુ સુઆયોજિત રીતે ગોઠવી શકાશે.

# દહેગામમાં તાલુકા સેવા સદનના નવ નિર્મિત બિલ્ડીંગનું આજે લોકાર્પણ

**મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના હસ્તે સવારે ૧૦ વાગે લોકાર્પણ થશે**

ગાંધીનગર, તા.૨૫

દહેગામ ખાતે નવનિર્મિત તાલુકા સેવા સદનનું આજે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થશે. ૬૧૧૮ ચો.મી. વિસ્તારમાં બંધાયેલા ત્રણ મજલાના આ બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ. ૮.૮૩કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે આ બિલ્ડીંગમાં વિવિધ ૧૪ જેટલી કચેરીઓ કાર્યરત થશે.

દહેગામ ખાતે તાલુકા સેવા સદનનું બિલ્ડીંગ બાંધવાનું કામ તા. ૯ એપ્રિલ વર્ષ ૨૦૧૨ના રોજ શરૂ થયું હતું. જયારે દોઢ વર્ષના અંતે બિલ્ડીંગ નિર્માણની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી હતી. તાલુકા સેવા સદનના આ નવનિર્મિત બિલ્ડીંગમાં અદ્યતન ફર્નિચરનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. આ ઉપરાંત પાર્કીંગની અલાયદી વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ. ૮.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. તા. ૨૬ ઓગષ્ટના રોજ સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે આ બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલ, સાંસદ પરેશ રાવલ, દહેગામના ધારાસભ્ય કામીનીબા રાઠોડ તેમજ દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખ રમણજી ઠાકોર ઉપસ્થિત રહેશે. ત્રણ મજલાના આ નવનિર્મિત બિલ્ડીંગમાં મોટાભાગની કચેરીઓનો સમાવેશ થતા વહીવટી સફળતાની સાથે અરજદારો અને મુલાકાતીઓના કામમાં પણ ઝડપ આવશે.

# તા. ૨૯થી ૩૧મી ઓગસ્ટ દરમ્યાન સારા વરસાદની શક્યતા : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૨૫

તાજેતરમાં અસહ્ય ગરમી-ઉકળાટ અને બફારા બાદ પડેલા વરસાદે ઉભા કૃષિ મોલને જીવતદાન આપ્યું છે. જો કે ઘણા ઠેકાણે આ ભારે વરસાદના કારણે દિવેલાના વાવેતરમાં ઉગણી ઉપર કવચિત અસર થઈ શકે તેમ છે. મધા નક્ષત્રનું પાણી સારૂ ગણાય છે જે પાકની નીપજમાં વધારો કરે છે. આમ તો સામાન્ય રીતે મધા નક્ષત્રનો વરસાદ માખીઓનો ઉપદ્રવ વધારે છે. અને તે પછીના અશ્વતા પૂર્વા-ફાલ્ગુની નક્ષત્રમાં મચ્છરનો ઉપદ્રવ થતો હોય છે. વળી, વિષમ હવામાનની પણ ઉભા પાકો પર વિપરીત અસર થતી હોય છે તેવું જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું છે.

તેમના માનવા મુજબ ભલે મધા નક્ષત્રનું પાણી સારૂ છે પરંતુ પૂર્વા-ફાલ્ગુની નક્ષત્રનું પાણી સારૂ ન ગણાતુ હોવાથી લીલામાં આંતરખેડ કે કૃષિ કાર્યો કરવા સારા નહિ. કારણ કે તેમ કરવાથી પાક પીળો પડી જવાની શક્યતા વધુ રહે છે. તા. ૩૧મીથી પૂબર્વા-ફાલ્ગુની નક્ષત્ર બેસે છે અને તા. ૧૩મી સપ્ટેમ્બરે પુરૂ થઈ ઉત્તરા-ફાલ્ગુની નક્ષત્ર બેસે છે. જેનું પાણી કૃષિ પાકો માટે સારૂ ગણાય છે. આ નક્ષત્રમાં ખેતરમાં વરાંપ હોય તો કૃષિ-કાર્યો હાથ ધરવા ઉત્તમ ગણાય છે.

વરસાદ અંગે તેમણે જણાવ્યું હતું કે તા. ૨૭-૨૮ ઓગસ્ટ દરમ્યાન મુંબઈ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની વકી રહે જ્યારે તા. ૨૯થી ૩૧મી ઓગસ્ટ દરમ્યાન ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદની શક્યતા રહેશે. મુંબઈ-મહારાષ્ટ્રમાં ભારે વરસાદ પણ પડી શકે છે. તા. ૩જી સપ્ટેમ્બર સુધીમાં ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં પર્વત આકારનો મેઘ જયાં ચઢે ત્યાં ભારે વરસાદ વરસાવી શકે છે. ભૂ-ભૌગોલિક સ્થિતિ અંગે બંગાળના ઉપસાગર અને પશ્ચિમ કાંઠે ઉભા થતા વરસાદી વહનો તેમજ હવાના દબાણોને લીધે તા. ૧૩મી સપ્ટેમ્બર સુધીમાં દક્ષિણ-ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત કચ્છ-સૌરાષ્ટ્ર તેમજ બનાસકાંઠાના ભાગોમાં વરસાદ વરસાવી શકે છે, રાજસ્થાનના ભાગો અને અંબાજીના ડુંગરામાં પણ વરસાદ લાવી શકે છે. આ આગાહી ઉત્પાત સંબંધી નહી પરંતુ કૃષિલક્ષી હોવાની તેમણે સ્પષ્ટતા કરેલ છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૬ તાલુકામાં વરસાદ

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૦૬ તાલુકાઓમાં અડધાથી બે ઈંચ જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં સૌથી વધુ મહીસાગર જિલ્લાના બાલાસીનોર તાલુકામાં ૬૪ મી.મી. એટલે કે અઢી ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે.

રાજ્ય પૂર નિયંત્રણ કના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૨૮ જિલ્લાના ૧૦૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં ૬૪ મી.મી., લુણાવાડામાં ૧૦ મી.મી., વીરપુરમાં ૧૪ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

ઉત્તર ગુજરાતના પાટમ જિલ્લાના સરસ્વતી તાલુકામાં ૬૦ મી.મી., શંખેશ્વરમાં ૬૨ મી.મી., સીદ્ધપુરમાં ૨૯ મી.મી., પાટણમાં ૫૯ મી.મી., ચાણસ્મામાં ૧૫ મી.મી., હારીજમાં ૧૨ મી.મી., મહેસાણા જિલ્લાના બેચરાજીમાં ૪ મી.મી., જોટાણામાં ૪૦ મી.મી., ખેરાલુમાં ૪૫ મી.મી., ઉંઝામાં ૫૦ મી.મી., વડનગરમાં ૪૪ મી.મી., વીજાપુરમાં ૨૫ મી.મી., સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ૨૫ મી.મી., વડાલીમાં ૧૪ મી.મી., વીજયનગરમાં ૪૦ મી.મી. ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગરમાં ૪૯ મી.મી., માણસામાં ૨૦ મી.મી., સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથમાં ૬૧ મી.મી., જૂનાગઢ જિલ્લાના માણાવદરમાં ૨૭ મી.મી., બોટાદ જિલ્લાના રાણપુરમાં ૪૮ મી.મી., બોટાદમાં ૧૮ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજે દિવસ દરમ્યાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો સામાન્ય વરસાદ નોંધાવા પામ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં આ વર્ષે આ સમયગાળા દરમ્યાન સરેરાશ વરસાદ સામે હજુ માત્ર ૬૦ ટકા જેટલો જ વરસાદ નોંધાવા પામ્યો છે. હજુ પણ રાજ્યના ચાર થી પાંચ તાલુકાઓ એવા છે જ્યાં માત્ર ૧૦૦ મી.મી. કરતાં પણ ઓછો વરસાદ નોંધાવા પામ્યો છે.

# ઘેધૂ ચોકડી પાસે પોલીસજીપ અને આઈસર ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ત્રણના મોત

**અકસ્માતમાં બે પોલીસકર્મી સહિત કેદી મળી ૩ ના મોત જ્યારે બે પોલીસકર્મીને ઈજા થતા સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૨૫

વિસનગર શહેર પોલીસ કોઈ ગુનામાં સંડોવાયેલા એક કેદીને સાબરમતી જેલમાં મુકવા માટે જઈ રહી હતી. આ પોલીસ જાપ્તામાં પી.એસ.આઈ. સાથે ૪ પોલીસકર્મીઓ હતા. તેઓ જીપ દ્વારા વિસનગરથી નીકળીને કલોલ હાઈ-વે પરથી અમદાવાદ સાબરમતી તરફ જઈ રહ્યા હતા. ત્યારે બપોરે ૨.૩૦ વાગ્યાના સુમારે કલોલ નજીક ઘેધૂ ચોકડી પાસેથી જીપ પસાર થઈ રહી હતી. દરમિયાન ગુજરાત સરકારના કોઈ વિભાગની આઈસર ટ્રક જીપ સાથે ધડાકેભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આઈસર ટ્રકમાં લોખંડની પાઈપો ભરેલી હોવાથી જીપનો ફુરજો બોલી ગયો હતો અને અંદર બેઠેલા કેદી સહિત તમામ પાંચ પોલીસ કર્મચારીઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેપૈકી ૧ કેદી અને ૨ પોલીસકર્મી મળી કુલ ૩ વ્યક્તિના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા.





પ્રાપ્ત માહિતી અનુસાર વિસનગર શહેર પોલીસ છેતરપીંડીના ગુનામાં સંડોવાયેલા આરોપી ભગતસિંહ વર્માને અમદાવાદ ખાતે તપાસ માટે લઈ જઈ હતી. પોલીસ જાપ્તામાં પી.એસ.આઈ. સાથે ૪ પોલીસ કર્મી હતા તેઓ પોલીસજીપ દ્વારા વિસનગરથી નીકળી કલોલ હાઈ-વે ઉપરથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે બપોરના ૨.૩૦ કલાકે ઘેધૂ ચોકડી પાસે જીપ પસાર થઈ રહી હતી ત્યારે જ સામેથી આવતી એક આઈસર ટ્રક સાથે જીપ ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આઈસર ટ્રકમાં લોખંડની પાઈપો ભરી હોવાથી જીપનું કચ્ચરઘાણ નીકળી ગયુ હતુ. અંદર બેઠેલા કેદી સહિત તમામ પાંચ પોલીસ કર્મીઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી જે પૈકી કેદી અને ૨ પોલીસ મળી ૩ જણાના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જ્યારે અકસ્માતમાં ગંભીર ઈજા પામેલા પી.એસ.આઈ. બી.કે. અસારી અને એક કોન્સ્ટેબલ નરેન્દ્ર રાઠોડને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપી બન્ને ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વિસનગર શહેર પોલીસ મથકના કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ સવનાથસિંહ રાઠોડ અને કોન્સ્ટેબલ નજીબુલ્લાખાન મહમ્મદખાન ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે મોતને ભેટ્યા હતા. અને છેતરપીંડીનો આરોપી ભગતસિંહ ઉર્ફે ભગવતી નંદલાલ વર્મા ઉં.વ. ૩૮ નું પણ કરૂણ મોત નિપજ્યું હતું.

# ભાદરવો માસ ધાર્મિક-સાંસ્કૃતિક પર્વોથી છલકાશે

**ગણેશ ચતુર્થી, જૈન સંવત્સરી, રામદેવપીરના નોરતાં, કેવડાત્રીજ, ઋષિપાંચમ, દુર્ગાષ્ટમી તથા અન્ય તહેવારો**

ગાંધીનગર, તા.૨૫

હિંદુ સંસ્કૃતિમાં શ્રાવણ અને ભાદરવો ભકિત અને વ્રતનો ગણાય છે જેમાં શ્રાવણમાં શિવ ભકિત, કૃષ્ણ ભકિત જેવા મુખ્ય તહેવારો આવે છે. જયારે ભાદરવામાં એકમથી જ અનેક તહેવારોની શરૂઆત થઈ જાય છે. જેમાં ધાર્મિક શ્રધ્ધાળુઓ પૂરા તન-મન અને ધનથી પ્રભુ ભકિતમાં લીન બની પ્રભુના ઓવારણાં લઈ ઉમંગ-ઉત્સાહ સાથે પ્રસંગ ઉજવી યાદગાર બનાવે છે જેની તૈયારીઓ અગાઉથી જ શરુ કરી દેવાય છે જેથી ભાવિક ભકતો મોટી સંખ્યામાં ભાગ લઈ શકે.

આજથી શરૂ થનારા પવિત્ર ભાદરવા માસમાં જુદા જુદા હિંદુ દેવતાઓ તથા જૈનોના ભગવાનના પવિત્ર ઉત્સવો ઉજવવાના શરુ થઈ જશે. જેમાં ભાદરવા સુદ એકમથી રામદેવપીર દાદાના નવ દિવસના નોરતાંનો ઘટ સ્થાપન સાથે મંગલ પ્રારંભ થશે જેમાં રાજસ્થાનમાં આવેલા પવિત્રધામ રણુજાની પદયાત્રા પણ શ્રધ્ધાળુઓ પુરી કરશે. ભાદરવા સુદ ત્રીજના દિવસે કેવડાત્રીજની ઉજવણી મહિલાઓ કરશે જેમાં પતિના લાંબા આયુષ્ય અને તંદુરસ્તી માટે સૌભાગ્યવતી સ્ત્રીઓ નકોરડો ઉપવાસ કરી ભગવાનને પ્રાર્થના કરશે. ભાદરવા સુદ ચોથથી ગણેશ ચતુર્થી તથા જૈનોની જૈન સંવત્સરીનો પ્રારંભ થશે. ગણેશ ચતુર્થીની ઉજવણી માટે સમગ્ર રાજયમાં ભારે ઉત્સાહ વર્તાઈ રહ્યો છે. અને તેની ઉજવણીની જાહેરાતો સાથે ભાવિકો ભાગ લઈ શકે તે હેતુથી ઘેર ઘેર આમંત્રણ મોકલાયા છે તો જૈનોમાં પણ અતિ પવિત્ર પયુર્ષણનો પ્રારંભ થશે જેમાં મહાવીર ભગવાનની ભકિત સાથે ઉપવાસ અને તેમના ઉપદેશોનું મહત્વ જૈન સમાજમાં ભકિતપૂર્વક ઉજવાશે. ભાદરવા સુદ પાંચમે ૠષિપાંચમ, ભદરવા સુદ આઠમે દુર્ગાષ્ટમી, અગિયારશે જલઝાલણી એકાદશી ભાદરવી પૂનમે મા અંબાનો પ્રાગટય દિવસ જેમાં શ્રધ્ધાળુઓ પદયાત્રા સહિત મા અંબાનો જયજયકાર કરશે. ત્યારબાદ શ્રાધ્ધ પક્ષની શરૂઆત થશે અને ભાદરવાની પૂર્ણતાએ શારદીય નવરાત્રીનો મંગલ પ્રારંભ થશે. આમ ભાદરવો એ ભકિત, શકિત અને ઉપાસનાનો માસ ગણાય છે અને અનેક માંગલિક પ્રસંગો થકી લોકો ભકિતમાં ગળાડૂબ થઈ જશે.










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com